# – :: મુદ્દા :: –

**આજ રોજ વાદીના તથા પ્રતિવાદીના, વી.વકીલશ્રી ને દાવાના આખર નિકાલ હેતુ ઘડવાના થતા મુદા અંગે સાભળ્યા, વાદીએ તેઓના પ્લીડિંગસ મુજબની અને રજુ દસ્તાવેજી આધારો મુજબની હકીકત અન્વયે મુદ્દા ઘડવાના થતા હોવાની રજૂઆત કરેલ છે અને કોઈ સૂચક મુદ્દા તેઓ દ્વારા આપવા માગતા નથી તેવું ખુલ્લી કોર્ટમાં મૌખિક રીતે જાહેર કરેલ છે. જેથી બન્ને પક્ષકારોના રેકર્ડ પર પ્લીડિંગસ અને રજુ દસ્તાવેજી આધાર પુરાવાને લક્ષે લેતા, કાયદાના અને હકીકતના અને પુરાવાના નીચે મુજબના મુદા દાવાના આખર નિકાલ હેતુ ઘડવામાં આવેલ છે.**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદવાળી જમીન વડીલોની માલિકીની સંયુક્ત રીતે બાપ દાદાના વખત ની ખેતીની જમીન આવેલ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓ એકલા વાદવાળી જમીનમાં છેલ્લા ૧૫ વર્ષ થી ખેતી કરી ઉપજ નીપજ લે છે અને વાદીઓ કે અન્ય સહ હિસ્સેદારોને ખેતી કરવા દેતા નથી?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, શું વાદી પુરવાર કરે છે કે, તેઓને ખેતી કરવા દેતાના હોઈ જેથી તેઓને વાર્ષિક રૂ.૧,૫૦,૦૦૦/– નું આર્થિક નુકશાન થયેલ છે?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓ એ જબર જસ્તીથી વાદવાળી જમીન સંયુક્ત માલીકીની હોવા છતાં કબજો જમાવેલ છે અને પડાવી લીધેલ છે?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, તેઓએ જરૂરી તમામ જમીનમાં હિત ધરાવતા પક્ષકારોને જોડીને હાલનો દાવો દાખલ કરલે છે?

(૬) શું વાદી પુરવાર કરે છે કે, તેઓના દાવાને કાયદાનો કોઈ સ્પસ્ટ બાદ નડતો નથી અને જરૂરી દાદ અને યોગ્ય કારણો થી હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે?

(૭) શું પ્રા.વાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને વિલંબનો અને સ્પેસિફિક પરફોર્મન્સ એકટની જોગવાઈઓ નો સ્પસ્ટ બાદ નડે છે?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, ભેટળાની સીમના ખાતા નં. ૧૪૨, ના સ.નં. ૧૭૪, ૧૭૬, ૧૮૯ ની ખેતીની જમીન મૂળ કબજેદાર અને માલિક તેઓના સ્વ. પિતાશ્રી મેણાત મરતાભાઈ મનોરભાઈ છે, અને તેઓના વારસાઈ નોધ નં. ૬૫૯ ની ઈ ધરા ભિલોડા દ્વારા થયેલ પાકી વારસાઈ નોધ કાયદેસરની નોધ છે?

(૭) શું પ્રા.વાદી પુરવાર કરે છે કે, વાદીએ તેઓની દાવા અરજીમાં વાદવાળી જમીનની દર્શાવેલ ચતુર્થ દિશા ખોટી જણાવેલ છે?

(૭) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા નં. ૫ (એ) (બી)માં માગ્યા મુજબનું ડિક્લેરેશન તથા આદેશાત્મ, હુકમ તથા કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા હક્કદાર છે?

(૮) દાવા ના કામે શું હુકમ તથા હુકમ નામું ?

**તા. ૩૧/૧૨/૨૦૨૫.** **(આનંદ એ. દવે)**
**સ્થળ : ભિલોડા.** **એડી.સિવિલ જજ, ભિલોડા.**
**GJ**–01442